For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### બાયોડેટા અને ફોટો સાથે ટિકિટ વાંચ્છુકોની કતાર જામશે

# આજથી પાલિકા-પંચાયત માટે ભાજપની સેન્સ પ્રક્રિયા: વડોદરાના 4 સ્થળોએ નિરીક્ષકોનો ધામા

**દબાણની** રાજનીતિ કે શક્તિ પ્રદર્શન ચલાવી લેવાશે નહીં તેવી પક્ષની કડક ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.31

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પડઘમ વચ્ચે વડોદરા શહેર અને જિલ્લામાં રાજકીય પારો ચરમસીમાએ પહોંચ્યો છે. વડોદરા મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતની આગામી ચૂંટણીઓ માટે સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગીની કવાયત તેજ કરવામાં આવી છે. આજથી એટલે કે બુધવાર, 1લી એપ્રિલથી સમગ્ર વડોદરામાં પ્રદેશ કક્ષાના નિરીક્ષકો દ્વારા 'સેન્સ' લેવાની મહત્વપૂર્ણ પ્રક્રિયાનો પ્રારંભ થઈ રહ્યો છે.

વડોદરા મહાનગરપાલિકાના ઉમેદવારો માટે શહેરના ચાર અલગ-અલગ કેન્દ્રો પર નિરીક્ષકોની ટીમ તૈનાત કરવામાં આવી છે. જેમાં છાણી વિસ્તારમાં રિદ્ધિ સિદ્ધિ હોલ, ખોડીયાર નગર ખાતે સત્યમ પાર્ટી પ્લોટ, તરસાલીમાં જે.કે. પાર્ટી પ્લોટ અને વાસણા રોડ પર ગોકુલ પાર્ટી પ્લોટ ખાતે દાવેદારોને સાંભળવામાં આવશે. બીજી તરફ, વડોદરા જિલ્લા પંચાયત માટે વિવિધ તાલુકાઓ અને જિલ્લા ભાજપ કચેરી ખાતે નિરીક્ષકો દ્વારા ઉમેદવારોના નામની પેનલ તૈયાર કરવાની કામગીરી હાથ ધરાશે.

ટિકિટની ઈચ્છા ધરાવતા કાર્યકરો માટે પક્ષે કડક માર્ગદર્શિકા જાહેર કરી છે. ઉમેદવારોએ પોતાનો સંપૂર્ણ બાયોડેટા, તાજેતરના ફોટોગ્રાફ્સ અને અનામત બેઠકો માટે ઓરિજનલ કાસ્ટ સર્ટિફિકેટ (જાતિનો દાખલો) સાથે રાખવો અનિવાર્ય છે. દસ્તાવેજોમાં કોઈપણ પ્રકારની ક્યાસ ચલાવી લેવામાં આવશે નહીં તેવી સ્પષ્ટતા પક્ષના સૂત્રો દ્વારા કરવામાં આવી છે.

પાલિકા અને જિલ્લા પંચાયતની બેઠકો પર અનેક દિગ્ગજ નેતાઓથી લઈને આક્રમક યુવા ચહેરાઓએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. હવે જોવાનું એ રહેશે કે ભાજપ આ વખતે 'નો-રિપીટ' થીયરી અપનાવીને નવા રક્તને તક આપે છે કે પછી અનુભવી ચહેરાઓ પર જ પસંદગીનો કળશ ઢોળે છે. આ પ્રક્રિયા બાદ ટૂંક સમયમાં જ સત્તાવાર ઉમેદવારોના નામની જાહેરાત પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા કરવામાં આવશે.

### શિસ્તનો કોરડો: 'નો એન્ટ્રી' ફોર સપોર્ટર્સ

ભાજપે આ વખતે પસંદગી પ્રક્રિયામાં લોકશાહીની સાથે શિસ્ત પર વિશેષ ભાર મૂક્યો છે:

- » માત્ર ઉમેદવારને પ્રવેશ: નિરીક્ષકો સમક્ષ માત્ર દાવેદારી નોંધાવનાર ઉમેદવાર જ જઈ શકશે. ટેકેદારોના ટોળા કે શક્તિ પ્રદર્શનને પરિસરમાં પ્રવેશબંધી ફરમાવી દેવામાં આવી છે.
- » દબાણની રાજનીતિ પર રોક: ભલામણો કે નેતાઓ દ્વારા દબાણ લાવનાર દાવેદારો સામે નકારાત્મક છાપ ઊભી થઈ શકે છે. પસંદગીનો મુખ્ય આધાર માત્ર લાયકાત અને પક્ષ પ્રત્યેની વફાદારી રહેશે.
- » પારદર્શક પ્રક્રિયા: નિરીક્ષકો દરેક દાવેદારનો પક્ષ સાંભળ્યા બાદ તેમનો ગોપનીય રિપોર્ટ પ્રદેશ કક્ષાએ મોકલશે.

# હરણી પોલીસની રહેમ નજરમાં ખાનગી વાહન ચાલકો બેફામ: અમિતનગર સર્કલ પાસે યુવક પર ખૂની હુમલો

**"અરજી** કરવા છતાં પોલીસે કઈ જ ન કર્યું" ઈજાગ્રસ્ત ચાલકનો આક્ષેપ; મહેશ સરદારજી સહિત ૫ શખ્સો સામે રોષ



(પ્રતિનિધિ) વડોદરા તા.31

સંસ્કારી નગરી વડોદરાના વ્યસ્ત ગણાતા અમિતનગર સર્કલ પાસે આજે સવારે મુસાફરો બેસાડવા જેવી સામાન્ય બાબતે ગંભીર ઝઘડો થતા ચકચાર મચી ગઈ છે. અમદાવાદ-વડોદરા વચ્ચે દોડતી ખાનગી ગાડીઓમાં મુસાફરો ભરવા બાબતે થયેલી તકરારમાં પાંચ શખ્સોએ ભેગા મળી એક ઈકો ગાડીના ચાલક પર લોખંડના પાઈપ અને હથિયારો વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા હરીશ ગઢવી નામના યુવકને તાત્કાલિક સારવાર અર્થે એસ.એસ.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અમિતનગર સર્કલ કે જ્યાંથી અમદાવાદ અને વડોદરા વચ્ચે ખાનગી વાહનોની અવરજવર મોટી સંખ્યામાં રહે છે, ત્યાં આજે સવારે 10:30 વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. હરીશ ગઢવી પોતાની ઈકો ગાડીમાં મુસાફરોને અમદાવાદ લઈ જવા માટે બેસાડી રહ્યો હતો. આ દરમિયાન ત્યાં હાજર મહેશ નામના અન્ય વાહન ચાલક સાથે તેને મુસાફરો ભરવા બાબતે બોલાચાલી થઈ હતી.

આ બોલાચાલીએ જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. મહેશ અને તેની સાથેના અન્ય ચાર શખ્સોએ ઉશ્કેરાઈ જઈને હરીશ ગઢવી પર હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ લોખંડના પાઈપ અને ધારદાર હથિયાર વડે હરીશને નિર્મમ રીતે માર માર્યો હતો, જેના કારણે તેને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

હોસ્પિટલના બિછાનેથી ઈજાગ્રસ્ત હરીશ ગઢવીએ ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, આ શખ્સો અવારનવાર આવી રીતે દાદાગીરી કરે છે. અગાઉ પણ આ શખ્સોએ તેની સાથે માથાકૂટ કરી હતી, જે અંગે તેણે હરણી પોલીસ મથકમાં લેખિત અરજી આપી હતી. જોકે, હરણી પોલીસ દ્વારા તે સમયે કોઈ યોગ્ય કાર્યવાહી ન કરવામાં આવતા મંગળવારે આ શખ્સોએ હિંમત કરી ફરીથી જીવલેણ હુમલો કર્યો છે. ઈજાગ્રસ્તના પરિવારે રોષ વ્યક્ત કર્યો છે કે જો પોલીસે અગાઉ પગલાં લીધા હોત તો આ લોહિયાળ ઘટના ટાળી શકાઈ હોત.

ઈજાગ્રસ્તના જણાવ્યા મુજબ, હુમલામાં મહેશ સરદારજી, તેનો પુત્ર અને અન્ય ત્રણ અજાણ્યા શખ્સો સામેલ હતા. હાલમાં હરીશ ગઢવીની હાલત સ્થિર છે પરંતુ તેને ઊંડી ઈજાઓ પહોંચી છે. આ મામલે પોલીસ હવે શું કાર્યવાહી કરે છે તે જોવાનું રહ્યું.

### પીએસઆઈએ ફરજમાં બેદરકારી દાખવતા પોલીસ કમિશનરની લાલ આંખ

# દિવાળીપુરા કોર્ટમાંથી આરોપી ભાગી જવાના કેસમાં ઈન્ચાર્જ જાપ્તા પીએસઆઈ સસ્પેન્ડ

**વોશરૂમ** જવાના બહાને ગયેલો આરોપી તકનો લાભ લઈને છુમંતર થઈ ગયો હતો



(પ્રતિનિધિ) વડોદરા તા.31


વડોદરા શહેરમાં આરોપીને કોર્ટમાં રજૂ કરતી વખતે પોલીસ સબ ઈન્સ્પેક્ટર દ્વારા દાખલ કરવામાં આવી હોય ગંભીર ઘટના સામે આવી છે. સયાજી ગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાના આધારે પોક્સો કેસના આરોપી વોશરૂમ જવાના બહાને કોર્ટમાંથી ફરાર થઈ જતા પોલીસ તંત્રમાં ખળભળાટ મચ્યો હતો. ત્યારે ફરજમાં બેદરકારી દાખવા બદલ પોલીસ કમિશનરે જાપતા ઈન્ચાર્જ પીએસઆઈને સસ્પેન્ડ કરી દીધા છે.

સયાજીગંજ પોલીસ સ્ટેશનના પોક્સોના ગુનામાં અજય ઉર્ફે આકાશ દિનેશભાઈ રોકડે (રહે. રણજીતનગર, પરશુરામનો ભઠ્ઠો, સયાજીગંજ)

30 માર્ચના રોજ આરોપીને દિવાળીપુરા કોર્ટમાં પેશ કરવામાં આવ્યો હતો. કોર્ટની કાર્યવાહી દરમિયાન આરોપીને બાથરૂમ જવાની જરૂર પડતાં જાપ્તા ઈન્ચાર્જ પો.સ.ઈ. એન.એ. પાટીલ તેને સાથે લઈ ગયા હતા. બાથરૂમમાંથી પરત લાવતા સમયે રૂમ બહાર આરોપી તકનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે અકોટા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-2023 ની કલમ 262 મુજબ ગુનો નોંધાયો છે. હાલ પોલીસ દ્વારા ફરાર આરોપીની શોધખોળ કરવામાં આવી છે. ત્યારે આરોપી ભાગી જતા પીએસઆઈ એન એ પાટીલની ગંભીર બેદરકારી સામે આવી હતી. જેને લઈને ઉચ્ચ અધિકારી દ્વારા આ સમગ્ર મામલાની તપાસ કરાઈ રહી છે અને તેનો પીએસઆઈ વિરુદ્ધ કરાયેલી કાર્યવાહીનો રિપોર્ટ તૈયાર કરી પોલીસ કમિશનરને સુપ્રત કરવામાં આવ્યો હતો. ત્યારે પોલીસ કમિશનર દ્વારા જાપ્તા ઈન્ચાર્જ પી એસ આઈ એન એ પાટીલને ફરજમાં બેદરકારી દાખવવા બદલ સસ્પેન્ડ કરી દેવાયા હોવાનો હુકમ કરાયો છે છે. જેને લઈને અન્ય પોલીસ કર્મચારીઓમાં પણ ફફડાટ ફેલાયો છે.

### વાદળછાયું વાતવરણ રહેવાથી ગરમી અનુભવાશે

# તાપમાન 37 ડીગ્રી નોંધાયું



■ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી નગરજનો ગરમીના કારણે ઉકળાટ અનુભવી રહ્યા છે. ત્યારે એપ્રિલ મહિનાના પ્રથમ સપ્તાહ સુધી વાદળછાયુ વાતાવરણ જોવા મળી શકે છે. મંગળવારે શહેરનું મહત્તમ તાપમાન 37 ડિગ્રી અને લઘુતમ તાપમાન 25.8 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સવારે હવામાં ભેજનું પ્રમાણ 63% અને સાંજે 38% નોંધાયું હતું. હવામાન વિભાગ અનુસાર સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સ પણ સક્રિય હોવાથી વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર દક્ષિણ ગુજરાતમાં આગાહી કરવામાં આવી છે. જ્યારે મધ્ય ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેશે. વડોદરામાં વહેલી સવારે સૂર્યનારાયણ પર વાદળોની ચાદર પથરાતા અદભુત નજારો જોવા મળ્યો હતો. બપોરે ગરમ પવન ફૂંકાતા અસહ્ય ગરમી અને ઉકળાટથી નગરજનોને બહાર નીકળવાનું ટાળ્યું હતું. આજે 1 એપ્રિલે મહત્તમ 38 અને લઘુત્તમ 27 ડીગ્રી તાપમાન રહેવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. માર્ચ મહિનો ગરમીની શરૂઆત સાથે શરૂ થયો હતો પરંતુ વરસાદી વાતાવરણ સાથે સમાપ્ત થઈ રહ્યો છે.

# E-વાહનો માટે RTO ટેક્સમાં 5% રાહત એક વર્ષ લંબાતા તેજીનો અંદાજ

**મ્યુનિસિપલ** કોર્પોરેશનના પ્રયત્નો છતાં લક્ષ્યાંક મુજબ જાહેર ચાર્જિંગ સ્ટેશનો ઊભા થઈ શક્યા નથી



(પ્રતિનિધિ) વડોદરા,તા.31

રાજ્યભરમાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણને પ્રોત્સાહન આપવા માટે સરકારે આરટીઓ ટેક્સમાં અપાતી પાંચ ટકા રાહત વધુ એક વર્ષ માટે યથાવત રાખવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. હવે 31 માર્ચ-2027 સુધી ઈલેક્ટ્રિક વાહન ખરીદનારાઓએ 6 ટકાના બદલે માત્ર 1 ટકો આરટીઓ ટેક્સ ચૂકવવો પડશે. આ નિર્ણયથી ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં તેજી આવવાનો અંદાજ છે.

હાલ દર મહિને સરેરાશ એક અંદાજ મુજબ 2 હજારથી વધુ ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ થાય છે. નિષ્ણાતોના મતે, શહેરમાં ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હજુ નબળું છે, તેથી નવા બિલ્ડિંગ પ્લાનમાં ચાર્જિંગ સુવિધા વધારવા સરકાર કક્ષાએ આયોજન થવું અનિવાર્ય છે.

ઉલ્લેખનીય છે કે રાહત 31 માર્ચ, 2026ના રોજ પુરી થતા તેને સરકારે એક વર્ષ માટે લંબાવી છે. પેટ્રોલ ડીઝલના વધતા ભાવ, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને સરકારની રાહત નીતિને કારણે લોકો ઈલેક્ટ્રિક વાહનો તરફ વળી રહ્યા છે. ટેક્સમાં રાહત જળવાઈ રહેવાથી આગામી સમયમાં ઈવી સેગમેન્ટમાં ઝડપી વૃદ્ધિ નોંધાય તેવી સંભવિતતા છે. જોકે, વધતા વપરાશ સામે ચાર્જિંગ સ્ટેશનની અછત મોટી ચિંતા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રયત્નો છતાં લક્ષ્યાંક મુજબ જાહેર ચાર્જિંગ સ્ટેશનો ઊભા થઈ શક્યા નથી. જો સમયસર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નહીં સુધરે, તો ભવિષ્યમાં ચાર્જિંગની સમસ્યા વધુ ગંભીર બની શકે છે.

### વડોદરા પાલિકાનું 'અંધેર નગરી' જેવું આયોજન

# અકોટા બ્રિજ બંધ હોવા છતાં પીક અવર્સમાં જેલ રોડ પર સફાઈ મશીનો ઉતાર્યા!

**ભરબપોરે** મશીનોને કારણે વાહનોની લાંબી કતારો લાગતા જનતા ત્રાહિમામ




(પ્રતિનિધિ) વડોદરા તા.31

શહેરમાં ચાલી રહેલી બુલેટ ટ્રેનની કામગીરીને પગલે પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતો અગત્યનો અકોટા-દાંડિયા બજાર બ્રિજ હાલમાં બંધ રાખવામાં આવ્યો છે. આ સંજોગોમાં શહેરનો મોટાભાગનો ટ્રાફિક જેલ રોડ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યો હોવા છતાં, ગઈકાલે કોર્પોરેશન દ્વારા ભરબપોરે પીક અવર્સમાં જ રસ્તાની સફાઈની કામગીરી હાથ ધરાતા ટ્રાફિકની સમસ્યા વધુ કફોડી બની હતી. તંત્રના આ પ્રકારના સંકલન વિનાના આયોજન સામે વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટની જટિલ કામગીરીના કારણે અકોટા-દાંડિયા બજાર બ્રિજ કેટલાક દિવસો માટે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વહીવટી તંત્ર દ્વારા સાત અલગ-અલગ ડાયવર્ઝન રૂટ નક્કી કરવામાં આવ્યા છે, જેમાં યોગા સર્કલ અને ગાય સર્કલ જેવા સાત મહત્વના પોઈન્ટ્સનો સમાવેશ થાય છે. જોકે, આ મુખ્ય બ્રિજ બંધ થતા જેલ રોડ પર વાહનોનું ભારણ અચાનક વધી ગયું છે.

સોમવારે બપોરે 12 વાગ્યાના સુમારે, જ્યારે લોકો ઓફિસ કે કામકાજ અર્થે નીકળતા હોય છે અને ટ્રાફિક સૌથી વધુ હોય છે, ત્યારે પાલિકા તંત્ર દ્વારા જેલ રોડ પર સફાઈ માટે ભારે મશીનરી ઉતારવામાં આવી હતી. અગાઉથી જ ડાયવર્ટ કરાયેલા ટ્રાફિકને કારણે આ રોડ પેક હતો, તેમાં સફાઈ મશીનો આવતા રસ્તો વધુ સાંકડો બન્યો હતો. પરિણામે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ભરતડકામાં લોકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયેલા રહ્યા હતા.

શહેરના વિકાસ માટે બુલેટ ટ્રેન જેવી કામગીરી અનિવાર્ય છે, પરંતુ તે દરમિયાન નાગરિકોને પડતી હાલાકી ઓછી કરવા માટે પાલિકા અને પોલીસ તંત્ર વચ્ચે યોગ્ય સંકલન હોવું જરૂરી છે. જો આગામી દિવસોમાં પણ આ પ્રકારનું અણઘડ આયોજન ચાલુ રહેશે, તો શહેરના અન્ય ડાયવર્ઝન રૂટ પર પણ અરાજકતા ફેલાઈ શકે છે. લોકોની માંગ છે કે તંત્ર દ્વારા યોગ્ય સમયનું આયોજન કરી ટ્રાફિક વ્યવસ્થાને સુચારુ બનાવવામાં આવે.

# એનસીઆરટી દ્વારા અભ્યાસક્રમમાં કરાયેલા ફેરફારો બાદ પુસ્તકો પ્રકાશિત થવામાં વિલંબ

**સેન્ટ્રલ** બોર્ડ દ્વારા નવા અભ્યાસક્રમનો ડ્રાફ્ટ બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવ્યો

**ધો.9ના** વિદ્યાર્થીઓના નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ પાઠ્યપુસ્તકો વગર થશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

ગુજરાત મા. અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડના વિદ્યાર્થીઓને દર વર્ષે સ્કૂલો શરૂ થાય તે પહેલાં જ પાઠ્યપુસ્તકોની અછતની સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે અને પાઠ્યપુસ્તકો માટે દુકાનોના ધક્કા ખાવા પડતા હોય છે. ત્યારે, હવે સીબીએસઈના વિદ્યાર્થીઓ માટે પણ આ પરિસ્થિતિ સર્જાય છે. ધોરણ નવ ના પાઠ્યપુસ્તકો હજી સુધી માર્કેટમાં આવ્યા નથી અને આ પુસ્તકોને બજારમાં આવતા આગામી એક સપ્તાહ જેટલો સમય લાગી શકે તેમ છે.

વડોદરા શહેર અને તેની આસપાસ 50 થી વધુ સીબીએસઈની સ્કૂલો આવેલી છે. જેમાં ધોરણ નવ ના હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક વર્ષના થોડા દિવસ પાઠ્યપુસ્તકો વગર જ ભણવાનો વારો આવશે. ધોરણ નવના મુખ્ય વિષયોમાં અંગ્રેજી, મેથ્સ, સોશિયલ સાયન્સ, હિન્દી અને સંસ્કૃતનો સમાવેશ થાય છે. ધોરણ નવના પાઠ્યપુસ્તકોનો અભ્યાસક્રમમાં એનસીઈઆરટી નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ દ્વારા ફેરફારો કરવામાં આવ્યા છે. અને આ પુસ્તકો હજી પ્રકાશિત થયા નથી. જેના કારણે દુકાનો સુધી ધોરણ નવના પાઠ્યપુસ્તકો પહોંચ્યા નથી જેને કારણે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા તમામ સ્કુલોને પરિપત્ર પાઠવીને જાણ પણ કરવામાં આવી છે. જ્યારે આવી પરિસ્થિતિ વચ્ચે સીબીએસઈ દ્વારા નવા અભ્યાસક્રમનો ડ્રાફ્ટ વેબસાઈટ પર મૂકવામાં આવ્યો છે અને જ્યાં સુધી પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી શિક્ષકો આ ડ્રાફ્ટનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને ભણાવી શકશે.

### બાઈક ઓવરટેક કરવા મુદ્દે થયેલા ઝઘડાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું

# પદમલા ગામે બે જૂથ વચ્ચે હિંસક અથડામણ, ભારે પથ્થરમારો થતા વિસ્તારમાં તંગદિલી

**16ની ધરપકડ,** 27 સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો, સમગ્ર ગામ પોલીસમાં ફેરવાયુ



(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરા જિલ્લામાં આવેલ પદમલા ગામમાં બે અલગ અલગ ફળિયામાં રહેતા જાદવ અને ફળિયા પઢીયાર સમાજના જૂથ વચ્ચે થયેલી અથડામણના બનાવે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે. આ સમગ્ર વિવાદ બે થી ત્રણ દિવસ પહેલા થયેલી સામાન્ય બોલાચાલીથી શરૂ થયો હતો. જેમાં બાઈકને કટ મારી ઓવરટેક કરવા બાબતે બંને પક્ષ વચ્ચે ઉગ્ર બબાલ થઈ હતી. આ નાનો વિવાદ બાદમાં વધતો ગયો અને અંતે ભારે અથડામણમાં ફેરવાયો હતો.

ઘટનાના દિવસે બંને જૂથો આમને-સામને આવી ગયા હતા અને એકબીજા પર ભારે પથ્થરમારો કર્યો હતો. પથ્થરમારાની ઘટનાને કારણે ગામમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો અને લોકોમાં ભયનો માહોલ પણ ફેલાયો હતો. ઘટનાની જાણ થતા જ છાણી પોલીસ સ્ટેશનનો સ્ટાફ અને અન્ય પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને પરિસ્થિતિને કાબૂમાં લેવા પ્રયાસ કર્યો હતો.

આ અથડામણમાં ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોમાંથી બે લોકોને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યારે અન્ય બે લોકોને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ તમામ ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે.

પોલીસ દ્વારા બંને પક્ષની ફરિયાદના આધારે કુલ 27 લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. તેમજ, તાત્કાલિક કાર્યવાહી કરીને 16 લોકોને ધરપકડ કરવામાં આવી છે. પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે અને અન્ય સંડોવાયેલા લોકોની ઓળખ કરી તેમની સામે પણ કાર્યવાહી કરવાની તૈયારી ચાલી રહી છે. હાલ ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

### A-ગ્રુપમાં નવ હજાર જેટલા વધુ વિધાર્થી છતાં બેઠકો ખાલી પડશે

# ધો.12 સાયન્સ બાદ ડીગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન શરૂ થશે

**ગતવર્ષે** ઈજનેરીમાં 79,500 હતી, આ વર્ષે 2 હજાર બેઠકો વધશે



(પ્રતિનિધિ) વડોદરા,તા.31

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.12 સાયન્સની પરીક્ષા બાદ ડીગ્રી ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટેની ગુજકેટની પરીક્ષા પણ લેવાઈ ગઈ છે. ત્યારે હવે ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે એપ્રિલથી રજિસ્ટ્રેશન શરૂ કરવાનું પ્રવેશ સમિતિ દ્વારા આયોજન કરાયું હોવાનું જાણવા મળ્યું છે.

ગત વર્ષે 79,500 જેટલી બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જો કે, આ વખતે સરકારી બેઠકોમાં બે હજારનો વધારો થવાનો છે. એટલું જ નહીં ગુજકેટમાં એ ગ્રુપના વિદ્યાર્થીઓની સંખ્યા ગત વર્ષની સરખામણીએ 9 હજાર જેટલો વધારો હોવા છતાં ઈજનેરીની બેઠકો મોટી સંખ્યામાં ખાલી રહેશે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓમાં વધારો જોવા મળ્યો છે. ગત વર્ષે ગુજકેટ આપનાર વિદ્યાર્થીઓમાં એ ગ્રુપના વિદ્યાર્થીઓ 48,029 હતા. જેની સામે આ વર્ષે આંકડો વધીને 57,158 ઉપર પહોંચ્યો છે. નોંધનીય છે કે, ગત વર્ષે ફાર્મસી કાઉન્સિલના ધાંધિયાના કારણે વિદ્યાર્થીઓને પ્રવેશ માટે રઝળપાટ કરવો પડ્યો હતો. ત્યારે હવે ઈજનેરીમાં સત્ર શરૂ થયાના ઘણા સમય બાદ સપ્ટેમ્બર મહિનામાં ચોઈસ ફીલિંગ શરૂ કરવામાં આવી હતી. મહત્વનું છે કે, ધોરણ 12 સાયન્સ પછી ડિગ્રી એન્જિનિયરિંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન ઓનલાઈન થાય છે, જે સામાન્ય રીતે એપ્રિલ/મે મહિનામાં શરૂ થાય છે. વિદ્યાર્થીઓએ ACPC ની સત્તાવાર વેબસાઈટ પર ગુજકેટ અને 12માના પરિણામ બાદ પિન ખરીદી, ફોર્મ ભરી, દસ્તાવેજો અપલોડ કરી અને કોલેજ ચોઈસ લોક કરવાની રહે છે.

### વડોદરા મહાનગરપાલિકાની લાલ આંખ

# 790 કરોડના લક્ષ્યાંક સામે 728 કરોડની વસૂલાત, 48 હજારથી વધુ મિલકતો સીલ

**હજુ** 62 કરોડનો વેરો વસૂલવાનો બાકી, કડક કામગીરી યથાવત

(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરા મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષના અંતિમ દિવસોમાં વેરા વસૂલાતની કામગીરી તેજ બનાવવામાં આવી છે. પાલિકાએ ચાલુ વર્ષે મિલકત વેરા પેટે રૂ. 790 કરોડનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખ્યો હતો, જેની સામે અત્યાર સુધીમાં રૂ. 728 કરોડની વસૂલાત કરવામાં તંત્રને સફળતા મળી છે. જોકે, હજુ પણ રૂ. 62 કરોડની વસૂલાત બાકી હોવાથી તંત્ર દ્વારા રજાના દિવસોમાં પણ મિલકતો સીલ કરવાની અને નોટિસ આપવાની કામગીરી ચાલુ રાખવામાં આવી છે.

વેરો ન ભરનારા મિલકતધારકો સામે પાલિકાએ આકરી કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અત્યાર સુધીમાં શહેરના વિવિધ વિસ્તારોમાં અંદાજે 48,000 થી વધુ મિલકતોને સીલ મારી દેવામાં આવ્યા છે. જેમાં રહેણાંક અને વ્યાવસાયિક એમ બંને પ્રકારની મિલકતોનો સમાવેશ થાય છે. પાલિકાની આ આક્રમક કામગીરીને પગલે કરદાતાઓમાં ફફડાટ ફેલાયો છે.

સામાન્ય રીતે જાહેર રજાના દિવસોમાં સરકારી કચેરીઓ બંધ રહેતી હોય છે, પરંતુ વેરા વસૂલાતનો લક્ષ્યાંક પૂરો કરવા માટે વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ ઓફિસના કેશ કાઉન્ટરો રજાના દિવસે પણ ખુલ્લા રાખવામાં આવ્યા હતા.


### સમા-સાવલી રોડ પર ST બસોની જોખમી સવારી

# પ્રવેશબંધી હોવા છતાં રોંગ સાઈડમાં પૂરઝડપે દોડતી બસો કેમેરામાં કેદ

(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરા શહેરના સમા-સાવલી રોડ પર હાલમાં નવા ફ્લાયઓવર બ્રિજનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, જેને પગલે ટ્રાફિક ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. ખાસ કરીને દુમાડ ચોકડીથી વડોદરા તરફ આવતા ભારે વાહનો માટે પ્રવેશબંધી લાદવામાં આવી છે. આમ છતાં, રાત્રિના સમયે એસટી નિગમ (GSRTC) ની બસોના ચાલકો તમામ નિયમોને નેવે મૂકીને રોંગ સાઈડમાં પૂરઝડપે વાહનો હંકારી રહ્યા હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.

નિર્માણાધીન બ્રિજને કારણે રસ્તાઓ સાંકડા થયા છે અને વાહનચાલકોની સુરક્ષા માટે ડાયવર્ઝનના બોર્ડ લગાવવામાં આવ્યા છે. જોકે, જવાબદાર ગણાતી સરકારી બસો જ જ્યારે જોખમી રીતે રોંગ સાઈડમાં પ્રવેશ કરે ત્યારે અન્ય નિર્દોષ વાહનચાલકોના જીવ જોખમમાં મુકાય છે. તાજેતરમાં સામે આવેલા દ્રશ્યોમાં GSRTC ની બસો રાત્રિના અંધકારમાં સામેથી આવતા ટ્રાફિકની પરવા કર્યા વગર ફૂલ સ્પીડમાં પસાર થતી જોવા મળી છે.



જો સામાન્ય જનતા ભૂલથી પણ રોંગ સાઈડમાં જાય તો ટ્રાફિક પોલીસ તુરંત દંડ ફટકારે છે, તો શું સરકારી બસોના ચાલકો માટે નિયમો અલગ છે ?

જ્યારે શહેરના મુખ્ય માર્ગો પર સીસીટીવી કેમેરા અને ટ્રાફિક પોલીસનું પેટ્રોલિંગ હોવાનો દાવો કરવામાં આવે છે, ત્યારે આ રીતે જાહેરમાં નિયમોના ધજાગરા ઉડતા હોવા છતાં પોલીસ કેમ મૌન છે? શું ટ્રાફિક પોલીસ આ વીડિયોના આધારે એસટી નિગમના બેજવાબદાર ચાલકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરશે કે પછી કોઈ ગંભીર અકસ્માતની રાહ જોવામાં આવશે ? તે હવે જોવાનું રહ્યું.